Maatrushree Foundation
Higher Education

JANUARY 2016 ISSN : 2348 6651

INTERNATIONAL MULTIDISCIPLINSARY JOURNAL

# THINK DIFFERENT

www.maatrushreefoundation.com Volume - 2 : Issue - 8 : Jan - 2016

DR. RAJESH CHAUHAN
EDITOR-IN-CHIEF

Scanned by TapScanner

Vol – 2, Issue – 8 Jan – 2016 ISSN 2348 – 6651

# Index


| No. | Title | Author | Page |
|---|---|---|---|
| 1. | સ્કિલ ભારતમાં જોઈએ ચૌતરફ કૌશલ્ય | સંપાદક | 01 to 02 |
| 2. | ઉચ્ચ શિક્ષણનું નિમ્ન સ્તર | --------- | 03 to 04 |
| 3. | શિક્ષિત ભિખારી ! શિક્ષણ, આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ખામી | --------- | 05 to 06 |
| 4 | સાહિત્ય અને સામાજિક વિજ્ઞાન | પ્રા.ઈલા પટેલ | 08 to 12 |
| 5. | ઋષિકા – ઘોષા | ડૉ. આશા માઢક | 13 to 15 |
| 6. | पुण्यतिथि विशेष : इसलिए 'संविधान' जला देना चाहते थे अंबेडकर | --------- | 16 to 20 |
| 7. | नालंदा से भी प्राचीन विश्वविद्यालय तेल्हाड़ा | --------- | 20 |
| 8. | संसद में बहस 'असहिष्णुता' नहीं 'महंगी दाल' पर हो | प्रवीण कुमार | 21 to 22 |
| 9. | **Address by Hon. President of India, shri Pranav Mukherjee on occation of sixty second convocation of Gujarat Vidhyapith** | **Shri Pranav Mukherjee** | 23 to 25 |
| 10. | **ROSH HA-'AYIN, ISRAEL** | --------- | 26 |
| 11. | **Locus of Control : A comparative study of the Tribal and Non-Tribal College students** | **Jayesh L. Gavit** | 27 to 33 |
| 12. | **INTERNAL MARKETING AND HUMAN RESOURCE MANAGEMENT** | **Y.J. Mistry** | 34 to 36 |
| 13. | **GROWTH AND DEVELOPMENT OF MEDICAL TOURISM IN INDIA** | **Hardik V. Solanki** | 37 to 45 |
| 14. | **A New Human Relative** | **DANIEL WEISS** | 46 |
| 15 | ફ્લોરેસ્ટીક સ્ટડી ઓફ રણશીવાવનેશઃ જુનાગઢ | ડૉ.કે.જે.ભટ્ટ | 47 to 53 |


Scanned by TapScanner

Vol-2, Issue – 8 Jan - 2016 ISSN 2348 – 6651

## સંસ્કૃત સાહિત્ય : ઋષિકા

### ઋષિકા – ઘોષા

ડૉ. આશા માઢક
સરકારી વિનયન અને વાણિજ્ય
કોલેજ, બરવાળા,
જિ. બોટાદ.

ભારતીય સસ્કૃતીના ઇતિહાસમાં વેદનું સ્થાન ગૌરવપૂર્ણ છે. શ્રુતિની દ્રઢ આધારશિલા ઉપર ભારતીય ધર્મ તથા સભ્યતાનો ભવ્ય વિશાલ પ્રાસાદ પ્રતિષ્ઠિત છે. હિન્દુઓના આચાર-વિચાર, ધર્મ – કર્મ વગેરેને સમજવા માટે વેદોનું જ્ઞાન વિશેષ આવશ્યક છે. સાક્ષાત્કૃત ધર્મ ઋષિઓ દ્વારા અનુભૂત અધ્યાત્મક શાસ્ત્રના તત્વોની વિશાલ વિંલ રાશિનું "વેદ" છે. સ્મૃતિશાસ્ત્ર તથા પુરાણોમાં વેદની પર્યાપ્ત પ્રશંસા મળે છે. પ્રત્યક્ષ અથવા અનુમાન દ્વારા દુર્બોધ તથા અજ્ઞેય ઉપાયનું જ્ઞાન તે સ્વયમ કરાવે છે અને તેમાં જ વેદનું વેદત્વ છે.

વેદો ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ધરોહર છે. વેદો પ્રાચીનતમ સાહિત્યનુ એક સાહિત્ય છે. વેદોના આધારે ભારતીય ભાષા, ધર્મ, સંસ્કૃતિ, કલા, આદિનો સતત વિકાસ થતો રહ્યો છે. સામાન્ય રીતે એવું મનાય છે કે વેદોના ઉદગાતા ઋષિમુનીઓ છે, જેઓએ સાધના દ્વારા પ્રાપ્ત કરેલ ઉત્તમ વિચારોને મંત્રબદ્ધ કર્યા છે, જે વેદોમાં પ્રસિદ્ધ પામ્યા છે. આ વાત સત્ય છે, પરંતુ વેદોમાં માત્ર ઋષિઓ જ નહી પણ ઋષિકાઓએ રચેલા સૂક્તો પણ છે. એ સૂક્ત પણ એટલા જ મહત્વપૂર્ણ છે, જેટલા ઋષિઓ દ્વારા રચયેલા છે. ભારતીય સંસ્કૃતિ ઉપર અવારનવાર આક્રમણ થતા રહ્યા છે. તેને કારણે સ્રીનો દરજ્જો નીચે મનાવા લાગ્યો, પરંતુ વેદોનો અભ્યાસ કરતા જણાય છે કે અનેક ઋષિકાઓએ જ ઉત્તમ મંત્રો રચ્યા છે તેને કારણે નારીનું મહત્વ વેદકાળથી જ ઉચ્ચસ્થાને બિરાજતું હતું; તેથી જ ભારતમાં નીતિશાસ્ત્રકારોએ કહ્યું છે કે यत्र नार्यस्तू पूज्यन्ते रमन्ते तत्र देवता : અર્થાત જ્યાં નારીઓ પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે.

વેદમાં ઋષિકાઓ – લોપામુદ્રા, ઘોષા, રોમશા, વષ્ક, રાત્રિ, દક્ષિણા, વિશ્વવારા, અપાલા, ઇન્દ્રાણી, શ્રદ્ધા, ગોધા, સરમા, સાર્પરાજ્ઞી વગેરે નામ પ્રાપ્ત થાય છે. આ ઋષિકાઓ ને બે વિભાગમાં વહેચવામાં આવેલ છે એક સર્વોદ્વાહ અને બ્રહ્મવાદિની.

૧) સર્વોદ્વાહા :- વેદકાળમાં સમાન્યત : શિક્ષણ પ્રાપ્ત કરી કન્યાઓ વિવાહ કરીને ગૃહસ્થના કામમાં જોડવાનું પસંદ કરતી હતી. આવી કન્યાઓ "સર્વોદ્વાહા" તરીકે ઓળખવામાં આવે છે. તે યથોષ્ટ શિક્ષણ પ્રાપ્ત કરી વિવાદ કરતી હતી. સર્વોદ્વાહા ઋષિકા.અ ઘોષા, અપાલા, લોપામુદ્રા વગેરેનો સમાવેશ થાય છે.

૨.) બ્રહ્મવાદિની :- વેદકાળમાં વેદ અધ્યયન કરીને આ જન્મ બ્રહ્મચારિણી બનીને વિદ્યા અને અધ્યાત્મકની ઉપાસનામાં પોતાનું જીવન પસાર કરતી હતી. આવી કન્યા બ્રહ્મવાદિની નામથી પ્રખ્યાત હતી. બ્રહ્મવાદિની ઋષિકાઓમાં વષ્ક, રાત્રિ, દક્ષિણા વગેરેનો સમાવેશ થાય છે.

૨) ઋષિકા ઘોષા

૨.૧) ઋષિકા ઘોષાનો પરિચય

કક્ષીવતની પુત્રી ઘોષા પાપરોગથી પીડિત ( કુષ્ટરોગ) હોવાના કારણે તેને પિતાના ઘેર વૃધ્ધાવસ્થાપર્યંત અવિવાહિત રહેવું પડ્યું હતું. ઘોષના પિતાએ અશ્વિનદેવોની સ્તુતિ કરીને

©International multidisciplinary journal Think Different



Scanned by TapScanner

Vol-2, Issue – 8 Jan - 2016 ISSN 2348 – 6651

ઉત્તમ \લોક મેળવ્યો હતો. આથી પ્રેરાઈને ઘોષાએ પોતાના દુઃખ, રોગ અને દુર્ભાગ્યના નિવારણ માટે પિતાના આરાધ્યદેવ અશ્વિનદેવોની કૃપાથી તેનો રોગ અને વૃદ્ધાવસ્થા ફળરૂપે તેને સુહસ્ત્ય નામનો પુત્ર જન્મ્યો.

રોગગ્રસ્ત હોવાના કારણે ઘોષા, વર્ષો સુધી પિતાના ઘેરે અવિવાહિત સ્થિતિમાં રહી. ત્યાર પછી અશ્વિનદેવોને પ્રસન્ન કરીને નીરોગી થઇ તથા તેને પતિ મળ્યો તેના પતિનું નામ મળતું નથી. તેને ઘોધ અને સુહસ્થ નામના પુત્ર હતા. માતા – પિતા પુતને શિક્ષણ આપે છે તે રીતે શિક્ષણ આપવા માટે તેણે અશ્વિનદેવોને પ્રાર્થના કરી હતી. શત્રુઓ સાથે યુદ્ધ કરવા સમર્થ બનાવવાના હેતુ તેની પ્રાર્થનામાં સુસ્પષ્ટ છે.

ઘોષાએ અશ્વિનદેવોની આરાધ્યદેવો તરીકે ઋગ્વેદમાં બે સુક્તોમાં સ્તુતિ કરી છે. ( ઋ. ૧૦ : ૩૯. ૪૦ ) ઘોષાએ પતિ પ્રાપ્ત કર્યો હોવાનું વર્ણન પણ તેમાં છે અને પતિનું નામ અર્જુન છે. ઘોષાનો વ્યક્તિવાચી ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે.

ઋષિકા – ઘોષા ( ૧૦ : ૩૯ : ૧ – ૧૪ )
દેવતા – અશ્વિન
છંદ – જગતી

દેવતા : આ સુક્તના દેવતા અશ્વિનો છે.

ઋગ્વેદમાં ઇન્દ્ર, અશ્વિન અને સોમ પછી યુગલ – દેવતા અશ્વિનોનું સ્થાન આવે છે. અશ્વિનોનું નામ ૪૦૦ થી વધારે વખત જોવા મળે છે. અશ્વિન યુવા છે, તે પ્રકાશમાન છે, શુભસ્પતિ છે, હિરણ્ય જ્યોતિ વાળા છે, તેમના અનેક રૂપ છે. કમળોની માળા પહેરે છે. અશ્વિનૌના બે વિશેષણ છે. દ્સ્ત્ર અને નાસત્ય છે. અશ્વિન પણ સોમના ઈચ્છુક છે. અશ્વીનોનો રથ સૂર્ય જેવો છે. રથની ગતિ વિચારથી પણ તીવ્ર છે. અશ્વીનોનો સૂર્યા સાથે સંબંધ હોવાના કારણે અશ્વિનૌને આમત્રિત કર્યો છે કે, તે વધૂને વધૂ પોતાના રથમાં બેસાડીને ઘર સુધી પહોંચાડી દે. અથર્વવેદમાં કહ્યું છે કે અશ્વિનદેવો પ્રેમીઓનું પરસ્પર મિલન કરાવે છે. તે દિવ્ય – ભિષગ પણ છે. આંધળાને દ્રષ્ટિ આપે છે. અશ્વિનદેવતા સ્વરૂપથી ભારોપીયકાળના દેવતા છે.

ઋષિકા ઘોષાએ ૧૪ મંત્રમાં અશ્વિનોની સ્તુતિ કરી છે. જેની સંક્ષિપ્ત માહિતી જોઇએ.

આ સૂકતમાં ઘોષા અશ્વિનદેવોની ચૌદ મંત્રમાં સ્તુતિ કરે છે. આથી આ સૂક્ત સ્તુતિ પ્રધાન છે. અશ્વિનદેવો યુગ્મ – દેવો છે. ઘોષના પિતા કક્ષીવતના આરાધ્યદેવ હોવાથી પાપરોગ – પીડિતા, વૃદ્ધા, કુંવારી ઘોષા દુઃખ, રોગ અને દુર્ભાગ્યમાંથી મુક્તિ મેળવવા અશ્વિનદેવોની શરણાગતિ સ્વીકારી ભક્તિપૂર્વક આ સૂકતમાં સ્તુતિ કરે છે. તેની ભાવભરી શરણાગતિ ભાવસભર બતાવે છે. આ સૂક્ત એક સુંદર વૈદિક-સ્ત્રોત કાવ્ય છે.

૧) ઘોષના ઇષ્ટદેવ અશ્વિનદેવોની આ સૂક્ત સ્તુતિ છે. અશ્વિનદેવોના રથનું વર્ણન જોવા મળે છે. ( મંત્ર – ૧ )

૨) આ સૂકતમાં ઇષ્ટદેવના પરાક્રમ વર્ણવ્યા છે.

૨.૧) વંદન – ઋષિને કુવામાંથી કાઢ્યા હતા.

૨.૨) વિશ્પલાને લોઢાનો પગ આપી ચાલતી કરી હતી.

૨.૩) કલિ અને ચ્યવન ઋષિને યુવાન બનાવ્યા હતા.

૩. આ સૂકતમાં શરણાગતિનો ભાવ જોવા મળે છે. ઘોષા અશ્વિનોને શરણે જાય છે.

૪) આ સ્તુતિના પરિણામે ઘોષા રોગથી મુક્ત થાય છે. અને પતિ તથા પુત્ર પ્રાપ્ત કરે છે.

©International multidisciplinary journal Think Different



Scanned by TapScanner

આ મુજબ ઋષિકા ઘોષાએ પોતાના ઇષ્ટદેવની સ્તુતિ સાચા હૃદયથી અને ધૈર્યથી કરી જેથી પરિણામ સ્વરૂપે તેની યુવાની પાછી મળી અને રોગહીન થઈને પોતાની બધી જ મનોકામના પૂર્ણ કરી. આ પરથી કહી શકાય કે ઇષ્ટદેવ પર પૂર્ણવિશ્વાસ અને સાચા હૃદયથી કરેલી પ્રાર્થના હંમેશા ફળદાયી હોય

Scanned by TapScanner

Printed by Maatrushree foundation. Published by Maatrushree foundation On Be Half of ( Owner By )Maatrushree foundation. Printed & Publication at Maatrushree Offset. Anandhdham Green City - 2 Paliyad road, Botad 364710 Dist :- Botad ( Gujarat ) Editor-in-chief : Dr. Rajesh Chauhan

INTERNATIONAL MULTIDISCIPLINSARY JOURNAL

THINK DIFFERENT

www.maatrushreefoundation.com Volume - 2 : Issue - 8 : Jan - 2016

2348 6651

Scanned by TapScanner

₹ 200/-

ISSN : 2348 6651

INTERNATIONAL MULTIDISCIPLINARY JOURNAL

# THINK DIFFERENT

www.maatrushreefoundation.com Volume - 1 : Issue - 1 : April - 2016

**Maatrushree Foundation**
Higher Education

**DR. RAJESH CHAUHAN**
**EDITOR**

Scanned by TapScanner

INTERNATIONAL MULTIDSCIPLINARY JOURNAL
THINK DIFFERENT

VOL. 01, ISSUE. 01, APRIL – 2016

## CONTENTS

### EDITOR DESK

Saroj Kumari- Embarking on the Journey as an IPS Officer From "Struggler" to "Creator of Her Own Destiny ....................01 - 02

### NEWS

❖ पंडित नेहरू ने ब्रिटेन के तत्कालीन पीएम को लिखी चिट्ठी में नेताजी को बताया था 'वॉर क्रिमिनल'! ....................03
❖ अफगानिस्तान में मिला पांच हज़ार साल पुराना हवाई 'जहाज़'....................04 - 06

### OPINNON

❖ बंट तो चुका है भारत! आपको यक़ीन हो या न हो..! मुकेश कुमार....................07 - 10

### BOOK REVIEW

" द स्पार्क इज विदिन यू" , मुन्शी शर्मा(अजीज), ....................11 - 12

### LATTER REVIEW

ગુજરાતી આદ્યાક્ષરો માટે અભિનંદન, રામજીભાઈ પટેલ, ....................13 - 14

### REVIEW ARTICLE

❖ ભારતીય સંસ્કૃતિ અને સ્ત્રી, ડૉ.આશા. માઢક, ....................15 - 18
❖ સંગીત :- આંતરખોજનો માર્ગ, ડૉ. ભાવના અંધારિયા મહેતા,....................19 - 20



Scanned by TapScanner

ISSN – 2348 – 5651

# ભારતીય સંસ્કૃતિ અને સ્ત્રી

ડૉ. આશા. માલક
સરકારી વિનયન અને
વાણિજ્ય કોલેજ
બરવાળા - જિ બોટાદ

સારાંશ

ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખનારમાં પોતાના સંતાનોને સંસ્કૃતિ તરફ લઈ જાય છે. જ્યારે બીજી તરફ તેની સ્થિતિ વિશે લોકો કહે છે અમારી છોકરીતો ઇન્કમટેક્સમાં નોકરી કરે છે આમ બોલવું બહુ સહેલું છે. નોકરી કરવાને લીધે સ્ત્રીની શી દશા થાય છે તેની લોકોને ખબર નથી. તેમણે આ બાબત કદી વિચાર કર્યો છે ?

યા દેવી સર્વ ભૂતેષુ શક્તિ રુપેણ સંસ્થિતા ।
નમઃતસ્યૈ ય નમઃ તસ્યૈયનમઃ તસ્યૈય નમો નમઃ ।

ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિશ્વની સંસ્કૃતિમાં સૌથી મહાન શા માટે છે ? તેવો પ્રશ્ન ક્યારેય તમને થયો છે ? જો જાણવાની જિજ્ઞાસા હોય તો એમ કહી શકાય કે વૈદિક સંસ્કૃતિની સમકાલીન અડતાલીસ સંસ્કૃતિઓમાંથી હજારો વર્ષ જૂની પ્રૌઢત્વ પામેલી આ એક મેવ સંસ્કૃતિ ટકી રહી છે,તે હકીકત લક્ષમાં લઈને તેની મૂલભૂત સમાજ વ્યવસ્થા પ્રત્યે આદરભાવ રાખીને ચિંતન કરવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખનારમાં સ્ત્રીને સૌથી વધારે ગણવામાં આવે છે કારણ કે, તે જ પોતાના સંતાનોને સંસ્કૃતિ તરફ લઈ જાય તેમને ભાષાજ્ઞાન મળવું જોઈએ એંજિન્યરીંગ, દાક્તરી શાસ્ત્ર વગેરે છે અને તેના પ્રત્યે વફાદાર રહેવાના પાઠ ભણાવે છે. પરંતુ તે માટે સ્ત્રીને અલગ શિક્ષણ આપવું જોઈએ એવું પૂજ્ય શ્રી પાંડુરંગ શાસ્ત્રી પૂજ્યદાદા એ સંસ્કૃતિ ચિંતન નામના પુસ્તકમાં કહ્યું છે; સ્ત્રીના શિક્ષણ માટે જુદાં તપોવનો હોવાં જોઈએ અને તેમને ભાષાજ્ઞાન મળવું જોઈએ. આજે સામાન્ય સ્ત્રીને બિન ઉપિયોગી એવા ભૂમિતિ -બીજગણિત વગેરે વિષયો ભણાવવામાં આવે છે સ્ત્રી ગમે તે શિક્ષણ લે તેનો વાંધો નથી,પણ ગમેતે શિક્ષણ લેવાથી સ્ત્રીની આજે કફોડી સ્થિતિ થઈ છે. તેની બહુ ઓછા લોકોને ખબર છે એંજિન્યરીંગ, દાક્તરી શાસ્ત્ર વગેરે શાસ્ત્રીય વિષયો ભણીને સ્ત્રીની શી દશા થઇ છે તે જાણવા હેવલોક એલિસનું લખાણ વાંચવા જેવું છે તેમાં તેણે સ્ત્રીની મૂઝવણનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે સ્ત્રીની મનોવ્યથા હેવલોક એલિસે બરાબર ચીતરી છે કેટલાકને થશે કે શું આજ દિન સુધી આપણાં કોઈનું એ તરફ ધ્યાન ગયું નહોતું ? ધ્યાન તો ગયું હતું. કેટલાક આ વાત સમજતા પણ હતાં પરંતુ બીજાના પ્રકાશથી ચાલતા હોવાથી સ્પષ્ટ કહેવાની કોઇનામાં નૈતિક હિંમત નથી. જ્યારે પાશ્ચાત્યોને આવી કોઈ પરંપરાગત સમજણ મળેલી ન હોવાથી આજ સુધી આમ ચાલ્યાં કરે છે. હવે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરતાં આ વાતો તેમની સમજ માં આવવા લાગી છે તેને પ્રત્યક્ષ વ્યવહારમાં હજુ સુધી લાવી શક્યા નથી.


© 2016 by the maatrushree foundation. All rights reserved
Scanned by TapScanner

 ISSN – 2348 – 665

પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી પોતાના પ્રવચનમાં સ્ત્રી માટે અને તેમના હૃદયમાંથી પ્રવાહ આવતો હોય તેવી સત્ય બાબત સમજાવી છે જે કેટલાક લોકોને ગમશે નહિ પરંતુ સત્ય તો સત્ય જ છે પુજ્ય દાદાએ કહ્યું કે સ્ત્રીને કમાવા મોકલવીએ અન્યાયી પગલું છે વળી કન્યાને મોટી ઉંમર સુધી પરણાવશો નહિ તો તેને કમાવવાની જરૂર ઊભી થશે અને મનુરાજા તો કહે છે કે છોકરીઓએ કમાવવું નહિ, કેટલાક કહેશે અમે રૂઢિ ચુસ્ત નથી અમારી છોકરીતો ઇન્કમટેક્સમાં નોકરી કરે છે આમ બોલવું બહુ સહેલું છે. નોકરી કરવાને લીધે સ્ત્રીની શી દશા થાય છે તેની લોકોને ખબર નથી. તેમણે આ બાબત કદી  વિચાર કર્યો છે ? મનુએ સ્ત્રી પુરુષ માટે કાર્યનું યોગ્ય વિભાજન કર્યું છે. ચરિતાર્થ સંપાદન કરવું એટલે કમાવવું તે પુરુષનું કાર્ય છે અને ગૃહકાર્ય એ સ્ત્રીનું કાર્ય છે. ચરિતાર્થ સંપાદન કરવાની જવાબદારી પણ જો સ્ત્રીના માથે પડે તો તેના ઉપર કેટલો બોજો આવી પડે ? સ્ત્રીને કમાવવા મોકલવી એ અન્યાયી પગલું છે. ગર્ભધારણ અને અપત્ય સંગોપન (બાળઉછેર) નો બોજો કુદરતે સ્ત્રીને માથે મૂક્યો જ છે પુરુષે આ કામ કદી કર્યું નથી અને કદી કરી શકશે પણ નહિ, તો પછી સ્ત્રી પર નોકરીનો -કમાવાનો બોજો શા માટે લાદો છો જાપાનમાં તો એક જાતની પ્રથા જ થઈ છે ,કે પરણેલી સ્ત્રીએ કમાવવા જવું નહિ પરંતુ આપણાં આજના સમાજને સ્ત્રીઓને કમાવવા ન જવાદેવામાં પારતંત્ર્ય લાગે છે. એમ એમને લાગે છે. તેઓ કહે છે કે પૈસો પુરુષ કમાય એટલે તે હમેશાં dominate કરે છે ,સ્ત્રીને તુચ્છ સમજે છે,ગુલામ ગણે છે. તેથી સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્ય મળે તો પુરુષની ગુલામી મટી જાય.

આમ કહેનાર આજના સમાજસુધારકોને ખ્યા નથી કે આપણાં શાસ્ત્રકારોએ એવી વ્યવસ્થા ક છે કે પુરૂષના આધિપત્યને સ્થાન જ ન પુરૂષને કમાવાની છૂટ છે પણ પણ ઘરે આવ્ પોતાની કમાણીની પાઈપાઇ સ્ત્રીના હાથમ આપવાની છે. પછી સ્ત્રી તેની જે વ્યવસ્થા કરે માન્ય રાખવાની હોય છે પુરૂષ કમાય, પણ ત તો સ્ત્રીના હાથમાં જ રહે. ખરેખરા ઉત્ ભાગીદારીનો આ સુંદર આદર્શ છે. પુરૂષ કમા અને સ્ત્રી પરણીને પતિને ઘેર જાય છે ત્યારે તે લક્ષ્મી ગણીને તેનું પૂજન કરવામાં આવે રિવાજ અનુસાર લગ્નવિધી પછી પત્ની જ્યા ગૃહપ્રવેશ કરે ત્યારે ઉંમરા પર કે ધાન્યથી પૂ કળશ મૂકવામાં આવે છે.તેને ત્રણ વાર લા મારીને નવવધૂ ગૃહપ્રવેશ કરે છે આ રિવાજન અર્થ ઘણો ઊંડો છે આજ સુધી પુરૂષ એકલો હત અને લક્ષ્મીને કોઈ સંભાળનાર ન હતું તેથી ગ ત્યાં બહાર જઇ શકતી હતી. લક્ષ્મીને ગૃહલક્ષ્મ લાત મારી ને કહે છે કે હવે હું તને સંભાળના આવી છું હવે તું મને પૂછ્યા વગર ઘરની બહા જઈ શકીશ નહિ આવી ભાવના આપણી સંસ્કૃતિન છે.

સ્ત્રી  સ્વાતંત્ર્યની ભ્રામક સમજણ આજે દેશની હાલત કેવી થઈ છે તે સમજાવત પુજ્ય પાડુંરંગ શાસ્ત્રી કહે છે

> પિતા રક્ષતિ કૌમારે ભર્તા રક્ષતિ યૌવને ।
> રક્ષન્તિ સ્થવિરે પુત્રાઃ ન સ્ત્રી
> સ્વાતંત્ર્યમર્હતિ । ૯/૩

આ શ્લોકનો બહુ વિકૃત અર્થ કેટલા લોકોએ એવો કર્યો છે કે સ્ત્રીને ઘરની બહાર એ

© 2016 by the maatrushree foundation. All rights reserved

પગલું મૂકવાનો અધિકાર નથી. તેની પ્રત્યેક કૃતિ ઉપર ચોકીની જરૂર છે, કારણ કે તે પતિત થશે. બગડશે તો ? મનુનો અભિપ્રાય જો આવો હોય તો રક્ષન્તિ સ્થિવિરે પુત્રા: એ લખવાનું કારણ નહી: કારણ કે તે વખતે સ્ત્રી વૃદ્ધ થઈ હોય; તેથી પુત્રએ માતૃભાવ, માતૃઋણના કારણે તેનું લાલન પાલન કરવું જોઇએ એ બાબત સમજાવવા માંગે છે રક્ષતિ અર્થાત્ રક્ષણ કરે પરતંત્રા ન આપે તે કેમ કોઈ સમજતું નથી. સ્ત્રીની રક્ષા કરવી અર્થાત્ કૌમાર અવસ્થામાં પિતા પોતાની પુત્રીના ચારિત્રની રક્ષા કરે જેથી કરીને કોઈ રાક્ષસ(કામિક પિશાચ)નો શિકાર ન બને પિતા અર્થાત્ જે જન્મ આપ્યો છે તે જ નહિ પરંતુ પિતાતુલ્ય સૌ પુરુષો વાત છે આ વાત જો સમજાઈ જાઈ તો આડેધવયના પુરુષો કોઈ પુત્રીસમાન સ્ત્રીનું ભક્ષણ કરે જ નહિ, છેતર પિંડીની તો વાત જ ન રહે. અહો........... આ ભાવના હોય તો મારો દેશ સ્વર્ગ સમાન થઈ જાય.

શ્લોક નું દ્વિતીય ચરણ છે 'ભર્તા રક્ષતિ યોવને' ભર્તા એટલે કે પતિએ યુવાન સ્ત્રી પોતાની પત્નીની રક્ષા કરવી જોઇએ.. આ બાબત પરથી 'નરસૈયાનું ગીત વૈષ્ણવજનતો ....... યાદ આવી જાઈ છે તેમાં છે 'પર સ્ત્રી માત સમાન રે......... દરેક પુરુષ આ પંક્તિને સાર્થક કરે ત્યારે આપો આપ જ ભર્તા રક્ષતિ યોવને સાર્થક થાય. ત્યાર બાદ છે ન સ્ત્રી સ્વાતંત્ર્ય અહર્તિ સ્ત્રી ને સ્વતંત્રતા આપવી જોઈએ નહિ અર્થાત સ્ત્રી સ્વતંત્ર નથી તેમ નહિ પણ તે એકલી નથી તેના પિતા,પતિ, ભાઈ, પુત્ર આ બધા તેનું રક્ષણ કરવા માટે છે. આવો અર્થ લેવાનો છે.કારણ કે ભારતીય સંસ્કૃતિને જો ઉચ્ચ આદર્શથી ભરવી હોય તો સ્ત્રીઓ એ ઉચ્ચ આદર્શ કેળવવા પડશે કારણ કે સ્ત્રી એક માતા છે. અને માતા જ પોતાના સંતાનોને ઉચ્ચ આદર્શ બનાવી શકે છે.

હું પણ એક સ્ત્રી છું એક પુત્રી, બહેન, પત્ની અને માતા છું તેથી હું આદર્શ છું એમ નહિ પરંતુ પુત્રી બનીને દરેક પિતાનું સન્માન કરૂં, પછી તે પિતા જન્મ દાતા હોય કે સસરા હોય કે પિતા તુલ્ય પુરુષ હોય, બહેન બનીને ભાઈની હિતેચ્છુ બનું પછી તે લોહીના સંબધે ભાઈ હોય કે દિયર હોય કે ભાઈ સમાન કોઈ પણ પુરુષ હોય,પત્ની બનીને પતિની અર્ધાંગિની બનું. અર્થાત પતિની આપેલી લક્ષ્મીનું નિષ્ઠાપૂર્વક સાચવીને યોગ્ય કાર્યમાં વ્યય કરું. ધાર્મિક કાર્યમાં સહભાગી બનું, સંતાનોનો ઉચ્છેર યોગ્ય લાલન પાલનથી કરું સાસુ –સસરા દિયર-નણંદ આ બધા મારા છે તેવી ભાવના સાથે જીવન વ્યતીત કરું જો આમ કરવામાં સફળ થાવ તો હું ભારતીય સ્ત્રી છું તેનું ગૌરવ મેળવું. તે જ સીતા, દ્રૌપદી, અહલ્યા, ભારતનું ગૌરવ વધારનારી હતી તો અત્યારની સ્ત્રી કેમ નહીં. તેથી જ ઈશ્વરને પ્રાથના કરું કે

"સીતા, સાવિત્રી, સંધ્યા, દ્રૌપદી હર ઘર મે ભર દે ...........

પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીએ સ્ત્રીને પ્રભુની એક આદર્શ કલાકૃતિ કહી છે જો પ્રભુની બનાવેલી આદર્શ કલાકૃતિ જ બદલાઈ જાય તો આ દેશ જ બદલાઈ જાય, આમ જોઈએ તો સ્ત્રીએ નોકરી ન કરવી જોઈએ એ બાબતને સમાજમાં પરીવર્તન કરવો અશક્ય છે કારણકે હાલમાં મોઘવારી એ માજા મૂકી છે,જ્યારે જો પુરુષ એક જ કમાઈ તો સંસાર ચલાવવો થોડો અઘરો પડે આજનું શિક્ષણ

© 2016 by the maatrushree foundation. All rights reserved

ISSN – 2348 – [illegible]

અલગ છે. સંતાનોના ઉછેર માટે જે બની શકે તે કરવા તૈયાર છે.તે હેતુથી સ્ત્રી ધન ઉપાર્જન કરવા જાય છે એ શુભ હેતુ સારી છે. પરંતુ સ્ત્રીઓ નું દરેક બાબતમાં પરીવર્તન અર્થાત પાશ્ચાત્ય સંસ્કૃતિનું આધળું અનુકરણ જેમ કે પહેરવેશ, રહેણી કહેણી, વર્તનમા પરિવર્તનએ ભારતીય સંસ્કૃતિનું પતન છે. અર્થાત ફેશનમાં રંગાયેલી આપણી ભારતીય સંસ્કૃતિને માત્ર નિવેદન જ કરવાનું છે કે મોજશોખ કરો,ફેશન કરો,મનની ઇચ્છા પૂર્ણ કરો પરંતુ ભારતીય સંસ્કૃતિમાં રહેલાં સંસ્કારો છોડી ને નહીં, કારણ કે જો આપણે તેને છોડશું તો માં ભોમ ચિત્કારી ઉઠશે. માતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ, ભગિનીપ્રેમ આ બધુ જ સમાયેલુ છે દેશપ્રેમમાં; હજુ બહુ મોડું થયું નથી વિચારોથી પાછા ભારતીય સંસ્કૃતિ તરફ આવો, બાળકોમાં તેનું સિંચન કરો નહિતર બહુ કફોડી સ્થિતિ ઊભી થશે અને ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. સ્ત્રી અનેક રૂપ ધારણ કરી શકે છે. શાંતિથી કાર્ય પાર પાડી શકે છે તો ક્રોધથી કાર્ય ને ઉડાળી શકે છે.તેથી આપણી અંદર રહેલી શક્તિને યોગ્ય જગ્યાએ વાપરીએ તેવી પ્રાથના સાથે વંદે ભારત માતરમ્

નોંધ- મારો હેતુ કોઈ સ્ત્રી તત્વને દુ:ખ પહોચડવાનો નથી કે કોઇની વિચારસરણીને બદલવાનો નથી પરંતુ આપણું પ્રતિબિંબ જોવા માટે અરીસો મૂકવાના હેતુથી આ લેખ તૈયાર કરેલ છે. કોઈનું મન દુભવાયું હોય તો હું હ્રદયથી ક્ષમા માગું છું.

## પૂસ્તક વિશે

### ધ ટ્રાવેલ્સ ગિફ્ટ

પુસ્તકમાં એક પ્રવાસીની કથા આપવામાં આવી છે. જે પોતાના જીવનથી ખુશ છે. તે પોતાના જીવનને ઇતિહાસની ઘટનાઓ સાથે જોડવા લાગે છે. પુસ્તકમાં તે પ્રવાસીના ઇતિહાસ સાથે થયેલા સાત અનુભવ વિશે જણાવવામાં આવ્યું છે. જેનાથી તે જીવનના જરૂરી પદાર્થપાઠ ભણે છે. આ પુસ્તક લખવાનો ઉદેશ્ય જીવનને વધારે સકારત્મક વિચારસરણી સાથે જીવવું અને દરેક પળમાં મોટી સફળતાને જોવાની છે.

## પૂસ્તક વિશે

### હાઉ વિલ યુ મિઝર યોર લાઈફ

તમને સહેજ પણ સારું નહીં લાગે અથવા તો તમે દંગ રહી જશો કે જ્યારે તમે જીવનનાં અંતિમ તબક્કા પહોંચશો અને તમને એવું લાગશે કે જીવનમાં સફળતાની પરિભાષા જે તમે નક્કી કરી હતી તે બિલકુલ અલગ હતી. આ પુસ્તકના લેખક ક્લેટન એમ. ક્રિસ્ટેન્સને પુસ્તકમાં એવી ઘણી રીતો વિશે જણાવ્યું છે કે જેને અપનાવવાથી વિના કોઈ ફરિયાદે જીવન જીવી શકાય છે. તેમના દ્વારા આપવામાં આવેલી તમામ રીતો વિચારસરણીને સકારાત્મક બનાવે છે.

© 2016 by the maatrushree foundation. All rights reserved

Registered with Registrar of Newspapers In India,
Vide Regn. No.GUJMUL00640 ( Title Code ) Pages 60 ( with cover and contents, Abstracted/indexed in Current Contents.

Printed by Maatrushree foundation. Published by Maatrushree foundation. On Be Half of ( Owner By )Maatrushree foundation. Printed & Publication at Anandhdham Green City - 2 Paliyad road, Botad 364710 Dist :- Botad ( Gujarat ) Editor : Dr. Rajesh Chauhan

ISSN 2348 6651

Scanned by TapScanner

વર્ષ-૪
સળંગ
અંક-૩૬

₹ 200/-

ISSN : 2348 6651

Volume - 04 Issue - 28 October - 2017


INTERNATIONAL MULTIDISCIPLINARY JOURNAL

# THINK DIFFERENT

**UGC Approved Journal**

**Impact Factor**

**A PEER RIVIEWED QUARTERLY JOURNAL**

**www.maatrushreefoundation.com**

MAATRUSHREE FOUNDATION

RESEARCH & PUBLICATION

Dr. Rajesh Chauhan

**Editor**


Scanned by TapScanner

## Journal Index


| Sr.No | Name Of Research/Article | Pg. No |
|---|---|---|
| 1 | મુગલકાળ દરમિયાન ભારતીય શિક્ષણ : એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં<br>ડૉ. રાજેશ ચૌહાણ | 01 – 03 |
| 2 | સ્ત્રી-પુરુષ સમાનતા: કલ્પના કે વાસ્તવિકતા<br>જાનકી કળથીયા | 04 – 06 |
| 3 | "વ્યારા નગરના વિકાસમાં સ્થાનીય શાસનનું યોગદાન" – એક અભ્યાસ<br>ચૈતાલી એસ.ગોસાઈ | 07 – 12 |
| 4 | રઘુવંશ-સર્ગ-1શ્લોક-1ના સંદર્ભમાં આદર્શ જીવન અને આધુનિક યુગમાં તેની આવશ્યક્તા<br>ડૉ.આશા. જી. માઢક | 13 – 16 |
| 5 | 'આનર્ત પ્રદેશનુ નગર – કડી' એક ઐતિહાસિક અધ્યયન<br>પટેલ પાયલબેન ચન્દ્રકાંત | 17 – 21 |
| 6 | ભારતીય સમાજ અને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય:- એક વિહંગાવલોકન<br>ડૉ. ઋષિરાજ બી. ઉપાધ્યાય | 22 – 26 |
| 7 | પાટણના કેટલાક અપ્રસિદ્ધ સ્થાપત્યો<br>ડૉ. લાલભાઈ એમ. નાયી | 27 – 29 |
| 8 | ગાંધીજી અને તિલક : સ્વરાજ્યની વિચારધારા અંગેનો વિશ્લેષણાત્મક અભ્યાસ<br>દિપકભાઇ જે. શેઠ | 30 – 34 |
| 9 | **"AN ASSESSMENT OF IMPACT OF DEMONETIZATION ON THE FINANCIAL BEHAVIOUR OF WORKING WOMEN: A STUDY OF RAJKOT CITY" Mr. Kishan M. Badiyani** | 35 – 43 |
| 10 | **Merger & Acquisitions Current Scenario Corporate Sector in India**<br>***Dr. Dinesh R. Chavda*** | 44 – 55 |
| 11 | हिन्दी उपन्यास परम्परा में आंचलिक धारा<br>डॉ जितेन जे परमार | 55 – 59 |


Scanned by TapScanner

# રઘુવંશ-સર્ગ-1શ્લોક-1ના સંદર્ભમાં આદર્શ જીવન અને આધુનિક યુગમાં તેની આવશ્યક્તા

ડો.આશા. જી. માઢક

**Article**
4 ( 28 ) *13 – 16*
© 2017 MF Publication
http://www.maatrushreefoundation.com/journal.php?id=8

સંસ્કૃત સાહિત્યએ આપણી ભારતીય સંસ્કૃતિને પ્રાચીન ગ્રંથો આપીને બહુજ મોટી ભેટ આપી છે.વેદ, ઉપનિષદ, પુરાણો,ધર્મ ગ્રંથો, મહાભારત, રામાયણ જેવા ગ્રંથો આપણું હૃદય બની ગયું છે. આ બધાનો આશ્રય લઈને સંસ્કૃત કવિઓએ પોતાની કવિત્વ ની ઝાખી કરાવતી કૃતિની રચના કરી છે. જેમાં વ્યાસ,ભાસ,કાલિદાસ. બાણ જેવા કવિઓ મોખરે છે. સંસ્કૃતિનું જતન કરતાં કવિઓની કૃતિ વાંચતા આનંદ થાય છે કે તેઓ સંસ્કૃતિ પ્રત્યે ચિંતિત છે. પરંતુ ફરી વિચાર આવે કે તેનું આચરણ કરનારા આજના આ આધુનિક યુગમાં કોણ જવાબદાર રહેશે. આદર્શ જીવન જીવવા માટે આદર્શ વાંચન, સદવિચારોનું આચરણ,સદ્‌કર્મ વગેરેની આવશ્યકતા જરૂરી છે. કવિ કાલિદાસ વિરચિત રઘુવંશમ મહાકાવ્યમાં આદર્શ જીવનની છણાવટ કરી છે.

સંસ્કૃત સાહિત્યમાં પાંચ મહાકાવ્યમાં સ્થાન પામનાર રઘુવંશમ્ કૃતિ છે. રઘુવંશમાં 19 સર્ગ છે. અને તેમાં દિલીપ ,રઘુ,અજ,દશરથ,રામ અને અગ્નિવર્ણ સુધીના રાજવીઓના ચરિત્ર આલેખાયા છે કારણ કે આપણાં આદર્શો ભારતીય સંસ્કૃતિના અલંકારો છે, જે આધુનિક યુગ વિસરી રહ્યો છે. કાલિદાસે રઘુવંશમાં વર્ણાશ્રમ ધર્મના ગુણગાયા છે. આ જીવન રીતિ રઘુવંશમાં પોતાના ચરિત્રથી આદર્શ જીવનની પ્રેરણા પુરી પાડે છે તેથી જ પરમ કૃપાળુ પરમાત્મા શ્રી રામ આ રઘુવંશમાં જનમ્યા હશે અને તેથી આ રઘુવંશીઓ નું જીવન કેવું હશે તે જાણવાની પ્રત્યેકને થાય તે સ્વાભાવિક છે. જે કુળમાં અવતારી પુરુષ જન્મ ધારણ કરે તે કૂળ સામાન્ય હોય જ નહી.કારણ કે પ્રભુ રામચંદ્ર જેવા અવતારી પુરુષના જન્મને માટે સાત- સાત પેઢીના રઘુવંશી રજાઓની તપશ્ચર્યાના કારણભૂત થઈ છે. તેમણે એક વિશિષ્ટ જીવનનિષ્ઠા સ્વીકારીને જીવન વ્યતીત કરવાનો નિર્ધાર કર્યો હતો. દિલીપ રાજાથી શરૂઆત કરી દશરથ રાજા સુધીના રાજાઓની તપશ્ચર્યા વૈદિક વિચાર અને પરંપરા ઉપર અવિચલ શ્રદ્ધા ઉત્કટ ધ્યેયવાદ સુમધુર ફળ એટલે મર્યાદાપુરૂસોતમ રામચંદ્રનો અવતાર છે. જે પોતાના આદર્શ જીવન દ્વારા આપણી ભારતીય સંસ્કૃતિને ભેટ સ્વરૂપે અર્પણ કરનારા એક શ્રેષ્ઠ વ્યક્તિમાંથી ઈશ્વરીય ગુણોથી યુક્ત સાક્ષાત ઈશ્વર સુધીની યાત્રા બની આપણને ઉપદેશ આપી રહ્યા છે.

© 2017 by the maatrushree foundation. All rights reserved

રઘુવંશમાં આદર્શ જીવનની ઝાંખી:-

કવિ કુલગુરૂ કાલિદાસે અત્યંત સૂત્રાત્મક પદ્ધતિથી રઘુવંશી રાજાઓનું અનુષ્ટુપવૃંતમાં ગાયુંછે. सोडहमाजन्मशुद्दानामा આ શ્લોકની શરૂઆત કરી योगेनान्ते तनुत्यजाम જન્મથી શરૂ કરી જીવનના અંત સુધીની જીવન પદ્ધતિ કાલિદાસે અત્યંત પ્રભાવી ચિત્રણ કર્યુ છે.જે રઘુવંશના પ્રથમ સર્ગમાં આવતા શ્લોક જોઇએ,

आसमुद्रक्षितीग्नानामानाकरथवर्टमनाम

सोडहमाजन्मशुद्दानामाफलोदयकर्मणामरઘુવંશ સર્ગ-1

ઉપરોક્ત શ્લોકની સમજની આવશ્યકતા શાં માટે? કારણ કે આધુનિક યુગમાં જીવન તો છે પરંતુ આદર્શ નહિવંત જોવા મળે છે. મહાવિધાલયના અભ્યાસક્રમમાં રઘુવંશનું અધ્યયન કરાવવામાં આવે છે.તેનો હેતુ સિદ્ધ થવો જોઇએ.રઘુવંશીઓનું જીવન આદર્શ જીવનના બોધ રૂપી પોતાના જીવનને આદર્શથી ભરવાની પ્રેરણા મળી જાય.

(1)आजन्मशुद्दानाम:-

રઘુવંશીઓ આજન્મ એટલે જન્મથી જ શુદ્ધ હતા. આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે જન્મનું કારણ માં-બાપ, કર્મ તથા પ્રભુ છે. શુદ્ધ-પવિત્રતા,મન, કર્મ, વચનથી જો માતા-પિતા પવિત્ર હોય તો તેના કર્મ પણ પવિત્ર જ થવાના અને સદકર્મના પ્રભાવરૂપે તેમને ત્યાં દિવ્ય અને તેજસ્વી આત્માનું પ્રાગટય થવાનું તે નિશ્ચિત છે.

આધુનિક યુગમાં દંપતિ સંતાનતો ઈચ્છે છે પરંતુ તેના માટે તૈયાર થવું પડે પવિત્રતાથી,સદ્‌કર્મથી,સારા વિચારોથી જો આબધું માતા પિતામાં હશે તો સંતાનોને આપશે. સદગુણોને પોષવાનું તથા દુર્ગુણોને ટાળવાનું કામ માં-બાપ નું છે.શુદ્ધ કર્મને લીધે જન્મની શુદ્ધતા પ્રાપ્ત થાય છે.આ આદર્શ આજે સૌએ અપનાવવો જોઇએ. કારણ કે ઉપનિષદોએ કહ્યું છે કે માતૃમાન પિતૃપાન આચાર્યવાન વેદ-માબાપ તો બધાને હોય પરંતુ માં પાસેથી ભાવ અને પિતા પાસેથી વિવેક મળે તે જ માં-બાપ કહેવાય.તેથી આદર્શ માતાપિતા બનવા માટે રઘુવંશના શરણે જઈએ.

© 2017 by the maatrushree foundation. All rights reserved

(2) आफलोदयकर्मणाम्:-

રઘુવંશી રાજાઓ ફળ મળે ત્યાં સુધી કર્મ કરતાં હતા. રઘુકુળની સાત-સાત પેઢીએ પ્રયત્નવાદ માન્ય કરીને રામરાજય ઊભું કર્યું હતું.જ્યાં સુધી ફળનો ઉદય ન થાય ત્યાં સુધી કાર્યરત રહેનારા,એટલે કે અવિરત પ્રયત્નશીલ રઘુવંશી રાજાઓ હતા.

સૌ પ્રથમ પ્રયત્ન શબ્દ સમજીએ ભૌતિક વાતો માટે કરેલી મહેનતને યત્ન કહેવાય અને અલૌકિક વાતો મેળવવા માટે કરેલી મહેનતને પ્રયત્ન કહેવાય.અહી જીવનનો આદર્શ સમજવાનો છે કે હે પ્રભુ અમને વિત્ત, વિદ્યા, સત્તા, કિર્તિ, ભક્તિ કે ભુક્તિ કશું જ પ્રયત્ન વગર જોઈતું નથી.આવી વૃત્તિ નિર્માણ થાય તો આદર્શ જીવન મહેકી ઊઠે.

આધુનિક સમયમાં ભૌતિક સંપત્તિ માટે માબાપ પોતાના બાળકોને મો માંગ્યું આપી દે છે. બાળકને વગર પ્રયત્ને પ્રાપ્ત થઈ જતી વસ્તુઓનું મૂલ્ય નથી.તેથી તે સ્વનિર્ભર બનવા માટે તત્પર થશે નહિ. અહી આપણે આ આદર્શ અપનાવીએ કે પ્રયત્ન વગર કઈ પ્રાપ્ત થતું નથી અને આપણાં બાળકો,વિધાર્થીઓ અને ખાસ કરીને યુવાવર્ગોને વગર પ્રયત્ને બધુ મળી જતાં તેઓ ઉત્સાહી અને પરાવલંબી જીવન જીવવા ટેવાઇ જાય છે. તેથી આ આદર્શ આપણી ભારતીય સંસ્કૃતિમાથી ખોવાઈ ગયો છે.

(3) आसमुद्रक्षितीशानाम् :-

સમુદ્ર સુધીની પૃથ્વીના સમ્રાટ રઘુવંશીઓ હતા. સમુદ્ર ઉપર કોઈનું વર્ચસ્વ નથી.પરંતુ રઘુવંશી રાજાઓનું સામ્રાજ્ય સ્થૂળ સાગર,લોકહૃદય સાગર અને ભવસાગર સુધી વિસ્તરેલું હતું. આથી કહી શકાય કે, પ્રજાપ્રેમ થકી રઘુવંશી રાજાઓ લોકોના હૃદય સિહાસન સુધી પહોંચ્યા હતા. લોકોને ગુલામ બનાવીને શાસન કરવું જુદું અને લોકોના હૃદય જીતીને શાસન કરવું જુદૃં. રઘુકુળના એક પણ રાજાને રાજયની લાલસા થઈ ન હતી. એક પણ રાજા કિર્તિ, સત્તા, વિત્ત અને વાસનાનો ગુલામ થયો નહિ. અને તેમણે વનવાસ પસંદ કર્યો. આથી જ આપણે હજુ રામરાજયની આપેક્ષા રાખીએ છીએ.

અહી આપણને આદર્શ મૂલ્યો શીખવતા કહે છે કે, તમે કોઈ પણ ક્ષેત્રમાં શાસનકર્તા હોય તો તે રામરાજય બનાવો. લોકોના હૃદય સુધી પહોચીને રાજય કરો. ગુલામ બનાવીને નહિ. હા તેની સાથે હું ઉત્ત શાસનકર્તા છું તેવું પણ અભિમાન હોવું ન જોઇએ.કારણ કે ભવસાગર આમાથી જ થયો છે. 'ભવ' એટ થવું.આપણને હમેશાં કઈંક થવું છે તે થતું નથી તેથી ભવસાગરમાં ભટકતા રહીએ છીએ. ભવસાગર તર માટે ભગવાનની મદદ જોઇએ. રઘુકુળના શાસકો જેમ સ્થૂળ સમુદ્ર પર્યત શાસન કરતા તેમ લોકે

© 2017 by the maatrushree foundation. All rights reserved

Scanned by TapScanner

હૃદયસાગર ઉપર પણ વર્ચસ્વ તેમણે ટકાવ્યું હતું.તેવી જ રીતે પોતાના અહંમ ઉપર પણ તેમણે સંયમથી સામ્રાજ્ય કરી બતાવ્યુ છે.

(4)आनकरथवर्त्मनाम:-

રઘુવંશી રાજાઓના રથની ગતિ સ્વર્ગ સુધી પહોચતી હતી.અહી એવો અર્થ કરી શકાય કે રઘુવંશીઓમાં ઇન્દ્રલોક્માં સ્વર્ગ ઊભું કરવાની તાકાત હતી.સ્વર્ગએ માનસિક સુખની ભૂમિકા છે.સ્વર્ગ સુધી પહોચવા માટે રઘુવંશી રાજાઓ પોતાનો જીવનરથ દૈવી કરતાં હતા અને ભગવાન સાથે સંબંધ રાખતા હતા.તેઓ વૃત્તિથી કદી પણ જરાગ્રસ્ત ન થતાં.તેમનું તારુણ્ય વૃદ્ધાવસ્થામાં પણ અબાદિત રહેતું.

અહી આધુનિક સમયમાં આદર્શોનું મૂલ્ય સમજાવતાં કહે છે કે, આયુષ્ય હોય ત્યાં સુધી યુવાનીની જેમ ઉત્સાહથી જીવન જીવવું જોઇએ.જ્યારે આધુનિક યુગના યુવાનોને ઉદ્દેશીને કહી શકાય કે સદ્કર્મના અર્થે ઉત્સાહથી જીવનરથને ચલાવવો જોઈએ જેથી તે રથ સ્વર્ગ સુધી પહોચી શકે અર્થાત્ મનની શાંતિ ધ્યેય સુધીલઈ જાઈ છે. ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ અર્થે યુવાનીજેવી ખુમારી સાથે કાર્ય કરવાથી સફળતા પ્રાપ્ત થાય જ છે. હવે ત્યાં સુધી પહોચવાની ચાવી તમારા હાથમાં છે.

ઉપસંહાર:-

રઘુવંશમ્ મહાકાવ્યના પ્રથમ સર્ગના એક થી ચાર શ્લોકમાં રઘુવંશી રાજાઓનું આદર્શ જીવનનું નિરૂપણ થયેલું છે. આપણે બધા જીવન જીવીએ છીયે પરંતુ કવપૂતડીની જેમ ટૅકનિકલ જીવનમાં એવા તો ખોવાઈ ગયા કે આબધી બાબતો વાહયાત લાગે. આદર્શ જીવનની વાતો શ્રવણ કરીને હસી ઉડાવે કે તમે કઈ સદીમાં જીવોછો. પરંતુ આપણાં ઋષિમુનિઓ એ કહેલાં આદર્શો વિસરાઈ જવાને કારણે આપણી સમસ્યાઓ વધી છે. માતાની મમતા ઓછી થતી જાય છે,પિતાનો બાળક પ્રત્યેનો પ્રેમ ઓછો થતો જાય છે. કારણકે પિતાને સમય જ નથી મળતો ઘરના સભ્યો સાથે રહેવાનો, તેથી પ્રશ્ન ઊભા થાય છે. વૃદ્ધાશ્રમ આવી તો કેટલીયે પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે જો આ આદર્શ જીવનને નહિ અપનાવીયે તો મનુષ્ય જીવન વ્યર્થ થઈ જશે

© 2017 by the maatrushree foundation. All rights reserved

Scanned by TapScanner

GOVT. ARTS & COMMERCE COLLEGE,
VANTHALI (SORATH)
DIST.-JUNAGADH, STATE- GUJARAT

सत्यमेव जयते

# SORATH: E-Journal

## A National Peer Reviewed Referred E-Journal

**Issue-11**

**August-2019**

Sorath:E-Journal

CHIEF EDITOR & PUBLISHER

DR. RAJESH K.DODIYA

EDITOR

DR. KAPIL P.GHOSIYA

SorathE-Journal www.gaccv.co.in

Scanned by TapScanner

**SORATH: E-Journal ISSN 2457-0109**

**A National Peer Reviewed Referred E-Journal**

**ISSUE-11 (AUGUST-2019)**

## TABLE OF CONTENT


| Sr No. | Author | Paper Title/Subject | Page No. |
|---|---|---|---|
| 1 | DIVYA .M. KATARIA | STUDY OF AUTOCORRELATION OF NET NATIONAL INCOME OF INDIA | 1-15 |
| 2 | DR. SHANTILAL. S. CHOTALIYA | ISSUES AND CHALLANGES IN BANKING SECTOR | 16-20 |
| 3 | DAXA PARMAR | ECONOMIC GROWTH, ECONOMIC DEVELOPMENT AND HUMAN DEVELOPMENT: THEORETICAL PERSPECTIVE | 21-27 |
| 4 | DR. ANILBHAI S. CHAUDHARI | પેસા અધિકાર | 28-36 |
| 5 | DR.RAJENDRA PARMAR | सोशल मीडिया लाभ और हानि | 37-39 |
| 6 | DR.TRUPTI J. RANGPARIYA | SAMKALIN PURUSH UPANYAASKARO KE UPANYASO ME NARI VIMARSH | 40-42 |
| 7 | DR. JAGADISH P. TANKODARA | PARYAVARAN PRADUSHAN AK SAMSYA | 43-46 |
| 8 | KRISHNA Y. RAJANI | ANTITUMOR ACTIVITY OF PLANT LECTINS AGAINST CANCER | 47-54 |
| 9 | RADHIKABEN M. MISTRY | UNTOUCHABILITY AND SOCIAL PERSECUTION IN ARUNDHATI ROY'S THE GOD OF SMALL THINGS | 55-57 |
| 10 | CHETNABEN DARJI | STUDY OF AUTOCORRELATION OF NET NATIONAL INCOME OF INDIA | 58-67 |
| 11 | ASHABEN MADHAK | तैतिरीयोपिनषदे युवा... | 68-71 |
| 12 | DR. PRAGNESH M. SINDHAVA | જળ સંસાધન વ્યવસ્થાપન... | 72-73 |
| 13 | SADHANA R. TANK | મેર પ્રજાની વિશિષ્ટ લોકકહેવતો- | 74-78 |
| 14 | UMESH J. SOLANKI | MEASURE FOR MEASURE : A NEW PERSPECTIVE | 79-84 |
| 15 | JANKIBEN J. KALATHIYA | સ્ત્રી અનામતની દશા અને દિશા | 85-86 |
| 16 | DR. AMAR B. PATEL | ભારત અને ગુજરાતનું મત્સ્ય ઉત્પાદન નિકાસ : એક વિશ્લેષણાત્મક અભ્યાસ | 87-91 |
| 17 | KAUSHIKKUMAR L. PANDYA | 'અડધે રસ્તે'થી 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' | 92-95 |
| 18 | HETAL M. PARMAR | વિકાસ વધતાં, વધતાં પર્યાવરણીય પ્રશ્નો | 96-99 |


Scanned by TapScanner

SORATH: E-Journal ISSN 2457-0109
A National Peer Reviewed Referred E-Journal
Issue-11 (August-2019)

# तैतिरीयोपिनषदे युवा ..........

ASHABEN G. MADHAK
Controctual Lecturer
Sanskrit
Barvala College

સારાંશ

આજના યુવાવર્ગને આંધળું અનુકરણ કરવું ગમે છે પરંતુ સ્વમાં રહેલી શક્તિને વિકસાવવાનું વિસરી ગયા છે. મોબાઇલની દુનિયામાં મુખને બંધ કરી માત્ર નેત્રને કાર્યરત કરી દીધાં છે ,ત્યારે વિદ્યાર્થીવસ્થામાં અધ્યયન કરનારા કોલેજીયન યુવાઓને તૈતિરીય ઉપનિષદમાં યુવાન કેવો હોવો જોઈએ ? તે તરફ અંગુલિ નિર્દેશ કરવાનો પ્રયાસ છે.

આ મનુષ્ય લોકમાં જન્મથી મૃત્યુ સુધીની ત્રણ અવસ્થાઓ,જેમ કે બાલ્યાવસ્થા,યુવાવસ્થાઅને વૃદ્ધાવસ્થા છે. જ્યારે બાલ્યાવસ્થામાં બાળક પરાવલંબી હોય છે. માતા-પિતાની ઇચ્છા મુજબ જીવન જીવવાનું હોય છે અને વૃદ્ધાવસ્થામાં ફરી પરાવલંબી જીવન જીવવું પડે છે પરંતુ યુવાવસ્થા એ શ્રેષ્ઠ અવસ્થા છે. કારણકે પોતાની ઇચ્છાથી જે પ્રાપ્ત કરવું હોય તે કરી શકે છે. ઇચ્છાનુસાર જીવન જીવી શકે છે અને પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે. જો યુવાવસ્થામાં પોતાની આંતરિક શક્તિ વિકસાવી હશે તો વૃદ્ધાવસ્થા પણ ઉત્તમ રીતે વ્યતીત થશે અર્થાત ઉંમર થી ભલે વૃદ્ધ હોય પણ મનથી તો યુવા જ રહેશે. આ બાબત તૈતિરીયોપનિષદમાં બ્રહ્મવલ્લી 2-8માં કહ્યું છે કે યુવાન કેવો હોવો જોઈએ?તે બાબત વિશેષ ચર્ચા કરીએ.

सैषाडडनन्दस्य मीमांसा भवति|

युवा स्यात्साधुयुवाध्यापक आशिष्ठो द्रढिष्ठो बलिष्ठस्त्स्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् | स एको मानुष आनन्दः |

**तैतिरीयोपिनषद् ब्रह्मवल्ली २८**

**વ્યાખ્યા**-ઉપરોક્ત વર્ણનમાં તે આનંદનો વિચાર આરંભ કરવાની સૂચના આપીને સર્વપ્રથમ મનુષ્યલોકમાં ભોગોથી થનારી મોટી મોટી આનંદની કલ્પના કરવામાં આવી છે. ભાવ તે છે કે મનુષ્ય યુવા હોય પણ સામાન્ય નહીં, સદાચારી,સારા સ્વભાવવાળો,સારા ઉચ્ચ કુળમાં ઉત્પન્ન ઉત્તમ પુરુષ હોય,તેમજ તેને સંપૂર્ણ વેદોની શિક્ષા મળી હોય -શાસનમાં બ્રહ્મચારીઓને સદાચારની શિક્ષા આપવામાં અત્યંત કુશળ હોય,તેના બધાજ અંગો અને ઇન્દ્રિઓ રોગરહિત, સમર્થ અને સુદ્રઢ હોય અને તે બધાજ પ્રકારના બળથી સંપન્ન હોય. પછી ધન સંપતિથી ભરપૂર સંપૂર્ણ પૃથ્વીનો અધિકારી બની જાય તો તે મનુષ્યનું સૌથી મોટું સુખ છે માનવ લોકમાં(स एको मानुष आनन्दः|)

SORATH: E-Journal ISSN 2457-0109
A National Peer Reviewed Referred E-Journal
Issue-11 (August-2019)

૧. **साधुयुवा**- શ્રેષ્ઠ આચરણ યુક્ત, સદાચારી સારા સ્વભાવયુક્ત.

અહી કહેવાયું છે કે 'સાધુયુવા' યુવાન સારો હોવો જોઈએ.શ્રેષ્ઠ આચરણ કરનાર અર્થાત આચાર,વિચાર,વર્તન શ્રેષ્ઠ હોય. યુવાનમાં જો આ ગુણ હોય તો પોતાનામાં રહેલા આ ગુણને કારણે કોઈપણ ક્ષેત્રમાં તેની પ્રગતિ થાય થાય ને થાય જ. કારણકે વિનયીવિવેકી અને સારું આચરણ કરનાર વ્યક્તિત્વ કોને ન ગમે?તેમાં પણ ખાસ ભારતીય નારી આવા જ પતિને ઝંખતી હોય છે. સારો સ્વભાવ કોને કહીશુ ?કોઈને મદદરૂપ થવાની ભાવના હોય, કામ, ક્રોધ, લોભ,મોહ,માયા,મત્સર જેવા અવગુણોથી પર હોય.સદા આનંદમાં તેવો યુવાન स एको मानुष आनन्दः| પ્રાપ્ત કરી શકે છે..

૨. **अध्यापकः** :-ચારેય વેદનું અધ્યયન કરનાર.

વર્તમાનયુગ પ્રમાણે અધ્યાપક એટલે વર્ગખંડમાં અધ્યયન કરાવનાર એમ થાય છે પરંતુ વૈદિક સમયમાં જેણે ચારેય વેદનું અધ્યયન કર્યું હોય તેને અધ્યાપક કહેવાય છે.

આ અહી કહેવાયું છે કે યુવાન ચારેય વેદનું અધ્યયન કરેલું હોવું જોઇએ. તે જ્યારે મે વાચ્યું ત્યારે મને થોડું દુઃખ થયું કે આજના યુવાવર્ગને પોતે અભ્યાસ કરે છે તે વિષયો પણ વાચવા ગમતા નથી તો વેદની તો શું વાત થાય? અરે શ્રીમદ્ ભાગવત વિષે પાંચ પ્રશ્ન પુછવામાં આવે તો બે પ્રશ્નના સાચા ઉત્તર આપી શકતા નથી તેવા યુવાનોને વિનંતી કરું છું કે આપણી ભારતીય સંસ્કૃતિનું ધબકતું હૃદય એ સંસ્કૃત સાહિત્ય જ્ઞાનનો ભંડાર છે. જેમ મોબાઈલમાં ગુગલ છે તેમ સંસ્કૃત સાહિત્ય ભારતનું ગુગલ છે પણ તેને આપણે ચલાવતા શીખ્યા નથી. કારણ કે આપણે તે બાબતે વિચાર જ કર્યો નથી. હવે વેદ,ઉપનિષદ,ભગવત ગીતા વગેરે ગ્રંથો વિષે, યુવાનો વિષે ચર્ચા કરીએ ત્યારે તેવો જાણે મૂર્તિમંત થઈને સામુ જોઈ રહે છે. યુવા વિદ્યાર્થીમિત્રો અભ્યાસ કરે છે માત્ર પરીક્ષામાં સારા ગુણ લાવવા પૂરતું જ. તેથી જીવનના ગુણાંક વધતાં નથી. જો આ મનુષ્ય અવતાર શ્રેષ્ઠ બનાવવો હશે તો વેદ,ઉપનિષદ અને શ્રીમદ ભગવત ગીતાનું અધ્યયન કરી જીવન જીવતા શીખવું પડશે ત્યારેજ આપણી ભારતીય સંસ્કૃતિ જળવાય રહેશે.

३. **आशिष्ठः** - શાસનમાં અત્યંત કુશળ હો,આશાવાન પણ હોય。

આ બાબતથી ખ્યાલ આવે છે કે કોઈ ઉમરથી યુવા હોય તો કોઈ મનથી યુવા હોય ,કારણકે કોઈપણ વ્યક્તિને વૃદ્ધાવસ્થા ગમતી નથી સૌ કોઈને યુવાન જ રહેવું છે.કારણકે યુવાનને પ્રતિનિધિત્વ કરવુંશાસન કરવું વધારે ગમતું હોય છે. નાની નાની બાબતોની જવાબદારી જો નાનપણથી જ બાળકોને આપવામાં આવે તો હું એવું માનું છું કે બાળકમાં યુવાવસ્થા દરમ્યાન શાસન કરવાનો ગુણ ખીલી ઉઠશે. તદુપરાંત યુવાન આશાવાન પણ હોવો જોઈએ. યુવાન ક્યારેય નિરાશ ન થવો જોઈએ,કોઈ કાંગલો નહિ,હમેશા દરેક કાર્ય કરવામાં તત્પરતા અને હકારાત્મક વલણ ધરાવતોહોવોજોઈએ.

SORATH: E-Journal ISSN 2457-0109
A National Peer Reviewed Referred E-Journal
Issue-11 (August-2019)

આધુનિક યુગમાં પરીક્ષામાં ઓછા ગુણ આવનાર યુવાનો નિરાશ થઈ જાય છે. કેટલાક તો આત્મહત્યા કરવા પ્રેરાય છે. તેને યુવાન કહેવાય નહિ. પરંતુ જે યુવાન હંમેશા જીવનમાં આવનારી મુશ્કેલીઓને વહન કરી શકે તે સાચો યુવાન છે. યુવાનને માટે તો જીવનમાં કઈક કરવું છે તથા ધ્યેય સિદ્ધ કરવાની તલાવેલી લાગે તો જ યુવાની સાર્થક ગણાય, મનુષ્ય અવતાર પણ સાર્થક ગણાય. ભીષ્મપિતામહે મૃત્યુને પણ દમદારી કરી. કારણ કે તેમણે મૃત્યુમાં અમરત્વ જોયું જેને કહે છે **आशिष्ठः**

૪. **द्रढिष्ठः** - યુવાનોની ઇન્દ્રિયો સુદ્રઢ ,રોગરહિત.

અર્થાત યુવાન મનનો મજબૂત હોવો જોઇએ. પ્રેમાળ તેમજ દ્રઢનિશ્ચયી હોવો જોઈએ.આમ તો આસુરી સંપતિવાળા પણ દ્રઢનિશ્ચયી હોય છે પરંતુ ઈશ્વરભક્તિ વગર સતકર્મનો પણ કોઈપણ અર્થ નથી. કઠોપનિષદમાં યમરાજા નચિકેતાને ખુબ જ પ્રલોભનો આપે છે પણ દ્રઢનિશ્ચયવાળો ચ્યુત થતો નથી. स त्वं प्रियान्.............कठोपनिषद् २/३

અત્યારે તો જીઓનું કાર્ડ ફ્રીમાં મળે છે તો ભગવત ગીતાને વાચવાના નિયમવાળો યુવા પણ ગીતા મૂકીને લાઇનમાં ઊભા રહેવા દોડી જાય છે. તેથી લોભામણી ધનસંપતિ, ભૌતિક સુખ સુવિધામાં જેનું મન ન ફસાય તે યુવા દ્રઢનિશ્ચયી કહેવાય.

યુવાન રોગરહિત હોવો જોઈએ. રોગરહિત યુવાન ક્યારે હોય? જ્યારે તે સાત્વિક આહાર કરતો હોય પરંતુ આધુનિક યુગમાં યુવાનો ફાસ્ટફુડ આરોગીને પોતાના શરીરને બગાડીને રોગગ્રસ્ત બને છે. ઠંડા પીણાં અતિ પ્રમાણમાં લઈને રોગને નિમંત્રણ આપે છે. જો આ બધી જ બાબતોમાં યુવાન સ્વયં મર્યાદા રાખે તો યુવાવર્ગ નીરોગી રહે છે.

૫. **बलिष्ठः** - બળવાન.

યુવાન બળવાન હોવો જોઈએ.યોગસાધના,કસરત દ્વારા પોતાનું શરીર સુદ્રઢ કરીને પોતાની રક્ષા સ્વયં કરનાર હોવો જોઈએ.

કેટલાક યુવાવર્ગને જોઈને અથવા તેને ચાલતો જોઈને આપણને કહેવાનું મન થઈ જાય કે ,અરે ભાઈ! તું યુવાન છો, આવતીકાલની પેઢીનું ઘડતર છો. આમ નિસ્તેજ કેમ લાગે છે? તેવા યુવાવર્ગને મારૂ નિવેદન છે કે મનથી પણ યુવા બનો,બળવાન બનો ,ઉત્સાહપૂર્વક જીવન જીવો. અને એવું જીવન જીવવામાં જ આનંદ છે.

ઉપરોક્ત બાબત આધુનિક યુગના યુવાનને ગમશે નહીં .તે હું જાણું છું છતાં મારા ભારત દેશનું ધન યુવાવર્ગ છે. જ્યારે યુવાનોને વ્યસન (ધુમ્રપાન ,પાનમસાલા )વગેરેમાં જોઈએ ત્યારે આ ઉપનિષદનું સ્મરણ કરીને

SORATH: E-Journal ISSN 2457-0109
A National Peer Reviewed Referred E-Journal
Issue-11 (August-2019)

ઈશ્વરને પ્રાર્થના કરું છું કે," હે ! પ્રભુ યુવાનોને વેદ તરફ પાછા વાળો. જો ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવી હોય તો ફરજિયાત આપણે વેદ તરફ પાછા વળવું જ પડશે આ સંદેશ શ્રી દયાનંદ સરસ્વતી પણ કહી ગયા છે. સ્વામી વિવેકાનંદ આપણું જીવતું જાગતું ઉદાહરણ છે. તેમનામાં ઉપરોક્ત બધાજ ગુણો હતા.કારણ કે તેઓએ બાલ્યાવસ્થાથી જ સંસ્કૃત સાહિત્યનુ અધ્યયન કરીને પોતાનું જીવન સાર્થક કર્યું. તેમ આજના યુવાનોમાં પણ આ બધા ગુણો કેળવાય તે હેતુસહ અને આપણી સંસ્કૃતિને ચેતનવંત કરનારા અને દેશના ઘડતરરૂપ એવા તેજસ્વી યુવાનોને પ્રસ્તુત સંદેશ સમર્પિત.

The Indian writer's e – journal Vol – 4, Issue –41-42-43, Apr-May-june– 2019 ISSN 2455 – 3077

# 'स्वप्नवासवदत्तम् માં મનોવૈજ્ઞાનિક અભિગમ'

ડૉ. આશા માઠક
સંસ્કૃત વિભાગ ,
સરકારી કોલેજ, બરવાળા.

કવિએ સ્ત્રી અને પુરુષની માનસિક અવસ્થાઓને દર્શાવી છે. તે માનવ મનનું સરળતાથી ઊંડું અને તલસ્પર્શી આલેખન કરવામાં મનોવૈજ્ઞાનિક સુઝ ધરાવે છે. આ નાટકમાં કવિએ વાસવદત્તાના મનો વ્યાપારોને કેન્દ્રમાં રાખીને જ વિવિધ પ્રસંગોને આલેખ્યા છે. નાટકના પ્રથમ અંકમાં તપોવનમાંથી પસાર થતી વાસવદત્તાની પદમાવતીના સૈનિકોએ જે રીતે ઉત્સારણા કરી ત્યાંથી તેની વિટંબણાઓનો પ્રારંભ કરી કવિ ક્રમેક્રમે કૌતુકમાલા ગુંફનના પ્રસંગમાં તેની મનોવ્યથાને પરાકાષ્ઠાએ પહોચાડે છે. જે પતિને ખાતર તેણે અસહ્ય વિરહ વેદના અનુભવી. તેને જ પોતાની નજર સમક્ષ બીજી સ્ત્રીનો થતો જોવો પડે છે. લગ્ન માળા પણ પોતાનેજ ગુંથવાની આવતા તે ભાંગી પડે છે. આમ વધુને વધુ વ્યથાનો ભોગ બનેલી વાસવદત્તા પ્રમદવનમાં જ્યારે રાજાના નિર્વ્યાજ પ્રેમ પ્રગટ કરતા શબ્દો સાંભળે છે ત્યારે "બસ, બસ, આ દુઃખનો બદલો મળી ગયો અહી અજ્ઞાતવાસ પણ બહુ લાભદાયક નીવડ્યો." મહાકવિ ભાસે વિવિધ પત્રોનું મનોમંથન પ્રગટ કર્યું છે. કવિએ નાટકમાં ઉદયન અને વાસવદત્તાના હ્રદયની વ્યથાઓ રજુ કરી છે. પ્રથમ અંકની શરૂઆતમાં મગધના તપોવનમાં રાજ્યના નોકરો દ્વારા ઉત્સારણા થાય છે ત્યારે પોતાની પણ અવગણના કરવામાં આવશે એવું જાણીને વાસવદત્તાને ખરેખર દુઃખ થાય છે. પરંતુ બીજા અને ત્રીજા અંકમાં નારીના દિલની વ્યથા અને વ્યગ્રતા વાસવદત્તાના મનોમંથન તરીકે રજુ કરે છે. બીજા અંકમાં પદ્માવતીના લગ્નની ઉતાવળથી વાસવદત્તા મનમાં મુંઝાય છે. વાસવદત્તા સ્ત્રીસુલભ રીતે જન્મતા ગુપ્ત સ્પંદનોને ભાસે ચતુરાયથી આલેખ્યા છે. વાસવદત્તાની માનસિક ભૂમિકાથી પદ્માવતી અજાણ છે. વાસવદત્તાનું ગર્ભિત મૌન નાટકને અનેરું આકર્ષણ બક્ષે છે. પદ્માવતીનું ઉદયન સાથેનું વેવિશાળ નક્કી થયા પછી પણ વાસવદત્તા આઘાત અનુભવે છે. બીજા અંકમાં પ્રસંગો ઓછા છે છતાં વાસવદત્તાના પાત્રની મનોવૈજ્ઞાનિક સ્થિતિ સમજવા માટે આ અંક અત્યંત અગત્યનો છે. ત્રીજા અંકના કૌતુકમાલા ગુંફન પ્રસંગમાં ઉદાર દિલે કારમી વ્યથાને સહન કરતી વાસવદત્તાનું પાત્ર મહાન લાગે છે. ચોથા અંકમાં વિદૂષક અને રજાના સંવાદને અંતે વિદૂષક વાસવદત્તાના અવસાનની યાદ તાજી કરે છે. રાજા કહે "આ પરિહાસથી તેં મારું મન વિક્ષિપ્ત બનાવી દીધું". યૌગન્ધરાયણની યોજના મુજબ આ નાટકમાં મનોવૈજ્ઞાનિક હેતુ સિદ્ધ થતો જોવા મળે છે.

© The Indian writer's e – journal, Apr- may-June – 2019

Scanned by TapScanner

સિદ્ધ જ્યોતિષીઓના આદેશ મુજબ પદ્માવતી સાથે ઉદયનના લગ્ન થવાના જ હતા તેમાં મુશ્કેલી ન હતી તેથી લાવાણકમાં વાસવદત્તા બળી ગઈ એવી અફવા ફેલાવી શોકગ્રસ્ત ઉદયનને રૂમણ્વાન મંત્રીના હાથમાં સોંપી યૌગન્ધરાયણ પરિવ્રાજકના વેશમાં મગધના તપોવનમાં આવી પદ્માવતીના હાથમાં વાસવદત્તાની સોપણી કરે છે. અહી રાજકીય હેતુની સાથે સાથે તે મનોવૈજ્ઞાનિક હેતુને પણ સિદ્ધ કરે છે

સંસ્કૃત સાહિત્યમાં એક નાટ્યકાર તરીકે મહાકવિ ભાસનું નામ અદ્વિતીય અને ગૌરવપૂર્ણ છે . મહાકવિ કાલિદાસ જેવા સમર્થ કવિએ પ્રથિત प्रथितयशस् (પ્રસિદ્ધ યશવાળા) કહીને ભાવભીની અંજલિ આપી છે.[૧] સમર્થ ગદ્યકાર બાણભટ્ટ તેમના हर्षचरितम् નામના ગદ્યકાવ્યમાં પૂર્વસુરીઓની પ્રશસ્તિ કરતા ભાસના નામનો ઉલ્લેખ કરી તેના નાટકોને દેવ મંદિરો સાથે સરખાવે છે. [૨] વાક્પતિરાજ તેના પ્રાકૃત મહાકાવ્ય गउडवहोમાં ભસને जलणमित्त (અગ્નિનો મિત્ર) કહે છે.[૩] प्रसन्नराघवમાં જયદેવે તેને 'કવિતા કામિનીના હાસ'[૪] તરીકે વર્ણાવે છે. મહાકવિ ભાસ એક આદર્શ નાટ્યકાર તરીકે પરવર્તી નાટ્યકારો માટે પ્રેરણામૂર્તિ બનીને સંસ્કૃત સાહિત્યમાં મોટું પ્રદાન કર્યું છે .

स्वप्नवासवदत्तम् – ઉદયનકથા પર આધારિત નાટક છે. ઉદયનની કથા મૂળ પૈશાચી પ્રાકૃત ભાષામાં લખાયેલી ગુણાઢ્યની બૃહત્કથામાં છે. જો કે તે લુપ્ત થયો છે પણ તેના આધારે લખાયેલ સોમદેવ કૃત 'કથાસરિત્સાગરમાં', ક્ષેમેન્દ્ર કૃત 'બૃહત્કથા મંજરી' અને બુદ્ધસ્વામી કૃત 'બૃહત્કથા શ્લોકસંગ્રહ'માં જોવા મળે છે. મહાકવિ ભાસે स्वप्नवासवदत्तम् નાટક માટે પ્રસિદ્ધ લોકકથાનો ઉપયોગ કરીને લોકમાનસની પરમશક્તિનો પરિચય કરાવ્યો છે. કથાનો ઉપયોગ તેમણે માનવમનના ભાવોનું નિરૂપણ કરવામાં કર્યો છે. પ્રસ્તુત નાટકમાં કવિએ સ્ત્રી અને પુરુષની માનસિક અવસ્થાઓને દર્શાવી છે. ભાસ એક ઉત્તમ કોટિનો નાટ્યકાર છે. તે માનવ મનનું સરળતાથી ઊંડું અને તલસ્પર્શી આલેખન કરવામાં અત્યંત આધુનિક અને મનોવૈજ્ઞાનિક સુઝ ધરાવતો નાટ્યકાર છે. स्वप्नवासवदत्तम् મહાકવિ ભાસનું પરિણત પ્રજ્ઞાનું સર્વોત્તમ સર્જન છે.

મહાકવિ ભાસમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો મુદ્દો તેનો મનોવૈજ્ઞાનિક અભિગમ છે. કવિ પાત્ર પાત્રના બાહ્ય વિકાસ કરતાં તેની આંતરિક સ્થિતિ પર જ વિશેષ ધ્યાન આપે છે. स्वप्नवासवदत्तम् નાટક આ રીત્તે મનોવૈજ્ઞાનિક અભિગમ ધરાવતું નાટક છે. શ્રી જી.કે. ભટ્ટ નામના વિદ્વાન કહે છે કે 'બાહ્ય ઘટનાઓને સ્થાને જે પ્રસંગોથી નાટ્યવસ્તુ વિકસતું હોય તે વાસવદત્તાના

બન્યો છે. આમ બીજા અંકમાં પ્રસંગો અઓછા છે છતાં વાસવદત્તાના પત્રની મનોવૈજ્ઞાનિક સ્થિતિ સમજાવવા માટે આ અંક અત્યંત અગત્યનું કાર્ય સાધી આપે છે.

स्वप्नवासवदत्तम् નાટકના ત્રીજા અંકના કૌતુકમાલા ગુંફન પ્રસંગમાં ઉદાર દિલે કારમી વ્યથાને સહન કરતી વાસવદત્તાનું પાત્ર મહાન લાગે છે. ચોથા અંકમાં વિદૂષક અને રજાનો સંવાદ છે. સંવાદને અંતે વિદૂષક વાસવદત્તાનાઅવસાનની યાદ તાજી કરે છે. રાજા ખે છે- ' अनेन परिहासेन व्याक्षिप्तं मे मनस्त्वया ।' (આ પરિહાસથી તેં મારું મન વિક્ષિપ્ત બનાવી દીધું ) યૌગન્ધરાયણની યોજના મુજબ આ નાટકમાં મનોવૈજ્ઞાનિક હેતુ સિદ્ધ થતો જોવા મળે છે. સિદ્ધ જ્યોતિષીઓના આદેશ મુજબ પદ્માવતી સાથે ઉદયનના લગ્ન થવાના જ હતા તેમાં મુશ્કેલી ન હતી તેથી લાવાણકમાં વાસવદત્તા બળી ગઈ એવી અફવા ફેલાવી શોકગ્રસ્ત ઉદયનને રુમણ્વાન મંત્રીના હાથમાં સોંપી યૌગન્ધરાયણ પરિવ્રાજકના વેશમાં મગધના તપોવનમાં આવી પદ્માવતીના હાથમાં વાસવદત્તાની સોપણી કરે છે. અહી રાજકીય હેતુની સાથે સાથે તે મનોવૈજ્ઞાનિક હેતુને પણ સિદ્ધ કરે છે.

મહાકવિ ભાસે પાત્રોના આલેખનમાં વિશેષ કાળજી લીધી છે. પ્રાચીન કથાઓમાં રજૂ થતા પત્રોના આદર્શો અને જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણને કવિએ પોતાની રીતે રજૂ કર્યા છે.

**સંદર્ભ સૂચિ :-**

१. प्रथित यशशां भाससौमिल्लक कविपुत्रादिनां प्रबन्धानतिक्रम्य ।
वर्तमान कवेः कालिदासस्य क्रियायां कथं परिषदो भुमानः ॥ मालविकाग्निमित्रम्- कालिदास
२. सुत्रधारकृतारम्भैर्नाटकैर्बहु भूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ॥ हर्षाचरितम् - बाण
३. भासम्मि जलणमिते .......आणन्दो ॥ गउडवहो - વાક્પતિરાજ
४. भाँसो हासः, कविकुलगुरुः कालिदसो विलासः । प्रसन्नराघव – જયદેવે
૫. શ્રી જી.કે. ભટ્ટ – વાસવદત્તમની પ્રસ્તાવના
૬. स्वप्नवासवदत्तम् અંક – ૩
૭. स्वप्नवासवदत्तम् અંક – ૪